ગાંધીનગર સમાચાર

# કેન્દ્ર સરકારે કપાસ સહીત અનેક મામલે ખેડુતોનો દ્રોહ કરેલ છેઃ નરેન્દ્ર મોદી

ડીસા, તા. ૭

ગુજરાત વિધાનસભાની ચુંટણીઓ આડે હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે રાજ્યના મુખ્ય મંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ડીસા,ધાનેરા તેમજ દિયોદર બેઠકના ઉમેદવારોને સ્પર્સતા મતદારો માટે ડીસા તાલુકાના ઝેરડા ગામ ખાતે એક જાહેર સભામાં હાજરી આપી હતી. નિર્ધારીતી સમય કરતા બે કલાક મોડા આવેલા મુખ્ય મંત્રી મોદીએ સવારે અગીયાર કલાકે જાહેર સભામાં હાજરી આપી મોટી સંખ્યામાં હાજર મતદારોને સરકારની વણ થંભી વીકાસ યાત્રાની વાત કરી અનેક મુદે કેન્દ્ર સરકારની જાટકણી કાઢી હતી.





બનાસકાંઠા જીલ્લાની ડીસા,દિયોદર તેમજ ધાનેરા બેઠકને સ્પર્સતા અને આ તમામ બેઠકો મધ્યે આવેલા ઝેરડા ખાતે હાજરી આપી જાહેર મંચ પરથી તમામ મતદારોને વિકાસ સીલ ગુજરાતમાં ભાજપ સરકારને પુનઃ ચુંટી કાઠવા હાંકલ કરી હતી. તેઓએ કેન્દ્ર સરકારની ઝાટકણી કાઢતાં કહ્યું હતું કે કેન્દ્રની યુ.પી.એ સરકારે કપાસ ની નિકાસ મામલે "તીબંધ લગાવી ખેડુતોને પાયમાલ કર્યા હતા ડીઝલમાં વારંવાર ભાવ વધારો તેમજ ખાતરમાં પણ કમર તોડ ભાવ વધારો ખરી કેન્દ્ર સરકારે ખેડુતોનો દ્રોહ કરેલ છે. મુખ્ય મંત્રી મોદીએ તેમના વિરોધી ઓ દ્વારા તેમને વાનરનું બીરૂદ આપવા બાબતે પણ વળતો જવાબ આપી કહ્યું હતું કે રામાયણમાં શ્રીરામ "ીયપાત્ર હનુમાન હતાં હનુમાને પોતાની છાતી ચીરી ત્યારે રામ ભક્તિનો મહીમાં જોવા મળ્યો હતો અને છાતી મધ્યે ભગવાન શ્રીરામ બીરાજમાન હતાં. હું હનુમાનની જેમ ગુજરાતની "જાનો સંવક છુ. જો મારી છાતી ચીરવામાં આવે તો તેમાંથી છ કરોડ ગુજરાતવાસીઓ જોવા મળશે. તેવું જાહેર કરી તેમને વધુમાં જણાવ્યું હતું કે હું એકલો અટુલો માનવ છું મારે મારા કોઈ જમાઈઓ માટે ભેગુ કરવાનું રહેતું નથી તેઓએ બનાસકાંઠા જીલ્લામાંથી નવ કમળને ઇ.વી.એમ.નું બટન દબાવી જંગી બહુમતીએ ચુંટી કાઠવા અપીલ કરી હતી. આ જાહેર સભામાં ગુજરાત ગોપાલક નીગમના ચેરમેન સંજયભાઈ દેસાઈની આગેવાની તળે ભાજપના જુના કાર્યકર હાથીભાઈ વાઘેલા સહીતના અનેક કાર્યકરો ભાજપમાં જોડાતા મુખ્ય મંત્રી મોદીએ તેમને કેશરીયો ખેશ પહેરાવી આવકાર્યા હતાં. આ જાહેર સભામાં ડીસા બેઠકના ભાજપના ઉમેદવાર લીલાધરભાઈ વાઘેલા,દીયોદર બેઠક તેમજ ધાનેરા બેઠકના ઉમેદવારો સહીત મોટી સંખ્યામાં ભાજપી કાર્યકરો તેમજ ત્રણેય બેઠકના મતદારો જોડાયા હતાં.

## ખેડબ્રહ્મા તાલુકામાં રીચાર્જ કૂપન પર વેપારીઓ દ્વારા ચલાવવામાં આવતી લૂંટ

### વેપારીઓ ૨૦ની કૂપન પર રૂ. ૨ અને ૫૦ની કૂપન પર રૂ. ૫ વસૂલે છે

કેડબ્રહ્મા, તા. ૭

ખેડબ્રહ્માના અંતરીયાળ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી કેટલાક નાના-મોટા વેપારીઓ બ્રાન્ડેડ કંપનીની રીચાર્જ કૂપનો મૂળ કિંમતે લાવી આસપાસના ગામના ગરીબ લોકોની પાસેથી કોઈપણ રીચાર્જ કૂપન દીઠ રૂ. ૨ વધારે લઈ ખૂલ્લેઆમ ઉઘાડી લૂંટ ચલાવે છે.જ્યારે ગ્રાહકોએ ગરજના માર્યા પૈસા પણ આપવા પડે છે. આથી ગ્રામજનો ભારે રોષે ભરાયા છે. અને આવા વેપારીઓ સામે તંત્ર પગલા ભરે તેવી ઉગ્ર માંગણી કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્માના અંતરીયાળ વિસ્તારમાં મોટાભાગે ગરીબ અને આદિવાસી લોકો રહે છે. અને ખેતી તેમજ છૂટક મજૂરી કરી પોતાનું જીવન ગુજરાન ચલાવે છે. ત્યારે આ વિસ્તારના કેટલાક વેપારીઓ આ ગરીબ અને મજૂર વર્ગના શ્રમજીવીની મજબુરીનો ગેરફાયદો ઉઠાવી રહ્યાછે. આ વેપારીઓ વિવિધ કંપનીની રીચાર્જ કૂપના કંપની પાસેથી પોતાની ટકાવારી ભાવે ખરીદેછે અને આ લોકોને મૂળ કિંમત ઉપર રૂ. ૨ વધારે લઈ રહ્યા છે. અને ના છૂટકે ગ્રાહકોએ આવા વેપારીઓ પાસે વધારે રૂપિયા આપી પણ ખરીદવી પડે છે. વેપારીઓ દ્વારા ચલાવવામાં આવતી ઉઘાડી લૂંટ પર ગ્રાહકો ભારે રોષે ભરાયા છે અને મૂળ કિંમત કરતા વધારે પૈસા લેતા વેપારી સામે તંત્રના અધિકારીઓ પગલા ભરે તેવી માંગણી સ્થાનિકો કરી રહ્યા છે.



## પ્રાંતિજમાં પ્રિસાઈડીંગ ઓફીસરોએ એડવાન્સમાં મતદાન કર્યું

પ્રાંતિજ વિધાનસભાની ચૂંટણીમાં તા. ૧૭મી ડિસેમ્બરે ફરજ બજાવનારા પ્રિસાઈડીંગ ઓફિસરોએ ગત તા. ૭મી ડિસેમ્બરના રોજ પ્રાંતિજની સી.કે. પટેલ શિક્ષણ સંકુલના મતદાન મથકે પોલીંગ નં. ૧ માં કુલ ૪૩૬ જેટલા કર્મચારી મતદારોમાંથી ૪૧૪ જેટલા કર્મચારી મતદાતાઓએ પોતાના મતદાનનો ઉપયોગ કરી મતદાન બેલેટથી મતદાન કર્યું હતું. જેમાં ૯૪.૯૫ ટકા મતદાન પોસ્ટલ બેલેટથી થયું હતું. આ ઉપરાંત આ જ સંકુલમાં ઉપરના બીજા માળે હિંમતનગર, બાયડ, ખેડબ્રહ્મા, ભિલોડા, ઈડર, અને મોડાસાના વિધાનસભાના બુથો પર અધિકારીઓ એ પોતાના મતદાનનો ઉપયોગ કર્યો હતો.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## બાયડના નાથાના મુવાડા ગામેથી ૩૭૫ કીલો લીલો ગાંજો ઝડપાયો

બાયડ,તા. ૭

સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકાના નાથાના મુવાડા ગામે આજે સાંજના સુમારે ખાનગી બાતમી મળતા પોલીસે બાતમી સ્થળે દરોડો પાડી ખેતરમાં ઉગાડેલો ૩૭૫ કિલો લીલા ગાંજાનો જથ્થો ઝડપી પાડી એક આરોપીની ધરપકડ કરી હતી. આ અંગે બાયડ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી સંદર્ભે પોલીસ દ્વારા ઠેર ઠેર ચેકીંગ કરવામાં આવી રહ્યું છે અને રાજ્યમાં પ્રવેશતા તમામ નાના મોટા વાહનોનું ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. તેમ છતાં પણ કેટલાક સ્થળોએ હજુ પણ અસામાજીક પ્રવૃત્તિઓ ચાલી રહી છે. જેને પોલીસ રોકી શકી નથી. ત્યારે બાયડના નાથાના મુવાડા ગામેથી મોટી માત્રામાં ગાંજાનો જથ્થો મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. બાયડ પોલીસ મથકના પી.એસ.આઈ. સી.કે. બાબરીયાએ ખાનગી રાહે બાતમી મળી હતી કે નાથાના મુવાડા ગામે રહેતા વાઘસિંહ ફુલસિંહ સોલંકી પાસે મોટા પ્રમાણમાં લીલા ગાંજાનો જથ્થો છે. આથી પી.એસ.આઈ.એ પોતાની ટીમ સાથે બાતમી સ્થળે રેડ કરી કુલ ૩૭૫ કીલો લીલો ગાંજો ઝડપી પાડી વાઘસિંહ સોલંકીની ધરપકડ કરી હતી અને આ અંગે પી.એસ.આઈ. એ ગુનો નોંધી આ ગાંજાનો જથ્થો આરોપી ક્યાંથી લાવ્યો હતો અને કોને વેચવાનો હતો તે અંગે સઘન પૂછપરછ હાથ ધરી છે.



## ચૂંટણીમાં રોકાયેલા કર્મચારીઓ માટેનું પોસ્ટલ બેલેટ મતદાન યોજાયું

હિંમતનગર, તા. ૭

સાબરકાંઠા જિલ્લાની સાત વિધાનસભા બેઠક પર આજથી બે દિવસ માટે ચૂંટણી કામગીરીમાં વ્યસ્ત કર્મચારીઓ માટે પોસ્ટલ બેલેટ મતદાન શરૂ થયું હતું. સાબરકાંઠા જિલ્લાની સાત વિધાનસભા બેઠક અલગ અલગ પક્ષના ઉમેદવારો ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત બન્યા છે. બીજી તરફ આગામી ૧૭ ડિસેમ્બરના રોજ મતદાન યોજવાનું છે ત્યારે ૭ ડિસેમ્બર અને ૮ ડિસેમ્બર દરમિયાન ચૂંટણી દરમિયાન વ્યસ્ત જિલ્લાના સરકારી કર્મચારીઓ, પોલીસ, હોમગાર્ડના જવાનો સહીતના ૧૮૦૪૫ હજાર કર્મચારીઓ માટે આજથી બે દિવસ માટે પોસ્ટલ બેલેટથી મતદાન શરૂ થયું હતું જેમાં ચૂંટણીમાં રોકાયેલ કર્મચારીઓ, અધિકારીઓ, એસ.ટી. નિગમના કર્મચારીઓ અને ચૂંટણીમાં જોતરાયેલ જીપોના ચાલકો ઉપરાંત ૬૨૦૦ હોમગાર્ડનો સમાવેશ થાય છે.

આ ચૂંટણી પ્રક્રિયામાં જોડાયેલા કર્મચારીઓ સરળતાથી પોસ્ટલ બેલેટથી મતદાન કરે તે માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે. મિતનગરમાં હિંમત હાઈસ્કુલ ખાતે, ઈડરમાં ટાઉનહોલ ખાતે, ભિલોડામાં સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ ખાતે, મોડાસામાં કોલેજ કેમ્પસ ખાતે, પ્રાંતિજમાં સી.કે. પટેલ હાઈસ્કુલ ખાતે, ખેડબ્રહ્મામાં કે.ટી. હાઈસ્કુલ ખાતે અને બાયડમાં એન.એચ. હાઈસ્કુલ ખાતે બે દિવસ મતદાન ચાલશે. હિંમતનગર વિધાનસભા બેઠક પર ૩૦૦૦ હજારથી વધુ કર્મચારીઓ બે દિવસ દરમિયાન મતદાન કરશે તેવું હિંમતનગર વિધાનસભા બેઠકના ચૂંટણી અધિકારી રીન્કેશ પટેલે જણાવ્યું હતું.



ખેડબ્રહ્મા તાલુકા શાળા નં. ૧ ના ધોરણ-૬-૭- અને ૮ના સેંકડો વિદ્યાર્થીઓએ નવીન અભ્યાસક્રમમાં આવતા એહાપ્લોઝર વિઝીટ અંતર્ગત પોલીસ સ્ટેશન, રેલવે સ્ટેશન, પુસ્તકાલય, નગરસેવા સદન અને બી.આર.સી. ભવનની મુલાકાત લઈ વિવિધ કચેરીઓની કામગીરી અંગેની સુંદર માહિતી મેળવી હતી.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## હિંમતનગર અને ઈડર ખાતે મહિલા અને યુવા મતદારોને મતાધિકારનો ઉપયોગ કરવા મતદાર જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા.૭

વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૨ અંતર્ગત સાબરકાંઠા જિલ્લાની સાત વિધાનસભા મત વિસ્તારોમાં તા. ૧૭-૧૨-૨૦૧૨ના રોજ મતદાન યોજાનાર છે. મતદાનના દિવસે મોટી સંખ્યામાં મતદાન થાય અને તેમાં ખાસ કરીને મહિલા તથા યુવા મતદારોની સામેલગીરી વિશેષ પ્રમાણમાં થાય તે હેતુસર જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, દ્વારા સ્વીપ અંતર્ગત મતદાર જાગૃતિ અને લોક સામેલગીરીના ખાસ કાર્યક્રમો હિંમતનગર અને ઈડર ખાતે યોજાયા હતા. હિંમતનગરની હિંમત હાઈસ્કૂલ, ગ્રોમોર હાઈસ્કૂલ અને જૈનાચાર્ય હાઈસ્કૂલના તેમજ ઈડરની સરકારી પુરૂષ અધ્યાપન મંદિર, કડિયાદરા અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના વિદ્યાર્થીઓ દ્વારા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. મતદાર જાગૃતિ અંગેની ચિત્ર સ્પર્ધા પણ વિવિધ શાળાઓમાં યોજાઈ હતી.

## સમાચાર ઝલક

- લગ્ન-ચૂંટણી સિઝનને કારણે ફુલના ભાવ બમણાં.
- હવે રાજકોટમાંથી કપાસ નિકાસ માટે રજિસ્ટ્રેશન સર્ટી મેળવી શકાશે.
- ગવાર અને ગવારગમ એકવાર ફરી વિવાદમાં.
- ગાંધીવાદી અન્ના હજારેએ અરવિંદ કેજરીવાલને બતાવ્યા સત્તા લાલચું.
- ફિલિપાઇન્સમાં વિનાશ કારી 'ભોપા'ના કહેરથી ૩૫૦નાં મોત.
- ગુજરાતભરમાં ઠંડી ફરીથી શરૂ થશે : હવામાન વિભાગ.
- તા.૩૧મી ડિસેમ્બરની રાત્રીની કેટરીના કૈફે પાંચ કરોડ રૂપિયાની ઓફર ફગાવી.
- સિંચાઇ કૌભાંડમાં સંડોવાયેલા અજીત પવારે મહારાષ્ટ્રનાં નાયબ મુખ્યમંત્રી બન્યાં.
- મુક્કેબાજી સંઘની માન્યતા રદ્દ,ખેલાડીઓ વિસામણ.
- સીટી ગ્રુપ ૧૧૦૦૦ કર્મચારીઓને છૂટા કરશે.
- રામ જેઠમલાણીને ખુલાસા માટે ભાજપ મુદ્દત આપશે.
- પૂર્વ જાપાનમાં ભૂકંપથી સુનામીની ચેતવણી.
- લખનૌ સ્ટેશન પર ભીષણ આગથી સ્ટેશન ખાલી કરાયું.
- બિહારમાં ઝેરી શરાબ પીવાથી ૭નાં મોત, તપાસના આદેશ.
- જામનગરના દરિયા કિનારેથી પાકિસ્તાન મરીન પોલીસે ૧૫ માછીમારોનું અપહરણ કર્યું.
- ઓસ્ટ્રેલિયન ડ્રાઇવરે ૫ લાખ ડોલર ભરેલી બેગ પરત કરી.

## 'ચૂડેલ' (પાના નં. ૨ નું ચાલુ)

એણે ડિશ ગોઠવી રહી વધુ ઓર્ડરની રાહ જોઇ રહેલા બેરાને એકી સાથે ત્રણ-ચાર આઇટેમ લખાવી દીધી! 'કંપની આપશો ને?' એ આશાભરી નજરે પૂછી રહ્યો હતો.

ધરાને હસવું આવી ગયું હતું. સાથે જ સાડા ત્રણ દાયકા પૂર્વે અદ્દલ આવા જ કોઇ પિયાક સાથે જીવનનાં સોનેરી વર્ષ વેડફી માર્યા હોવાની કડવી યાદ પણ છેક દૂંટીમાંથી હચમચાવી ગઇ હતી. રહી રહીને એ ભૂલાયેલો ભૂતકાળ કેમ યાદ આવી રહ્યો હશે?

- ધરાને એ કોયડાનો ઉકેલ નહોતો મળતો. ધરાએ આંખ ઝપકાવી મૌન સંમતિ આપી એથી આકાશ રાજી રાઝી થઇ ગયો હતો...

... કોણ જાણે તે રાતે એને એવી વેણ કયાંથી ઊપડી! પચાસ પાર કરી દીધા પછી કયારેક એનું અલપઝલપ સ્મરણ જ થતું. પછી તરત એને મીરાંબાઇના ભજનની કડીઓ યાદ આવી જતી. 'સંસારીનું સુખ એવું, ઝાંઝવાના જળ જેવું...' બિલકુલ એવ્ જ દોઢ-બે વરસનું અલપઝલપ સંસારસુખ એણે પણ માણ્યું હતું. જાણે સપનું જોઇ રહી હોય એમ એ સુખ પંખીની જેમ પાંખો ફફડાવીને ઊડી ગયું હતું. આવો દગો પણ થઇ શકે, એવું તો એણે સ્વપ્નેય વિચાર્યું ન હતું. કૉલેજના સહાધ્યાયીને મોહીને પરણી હતી, એટલે કહે તો એનું દુઃખ કહે પણ કોને? માતાપિતાએ તો બહુ વારી હતી : અજાણ્યાં ફળ ન ચખાય બેટા! ઉપરથી બહુ રૂપાળાં ને રળિયામણાં લાગે, પણ પછી એમનું પોત પરકાશે, ત્યારે રોતાંય નહીં આવડે!

... આજે ફરી એક વાર -

હવે તો એને વારનાર પણ નહોતું કે - તારનાર પર આ ઉંમરે થોડું મળે એમ હતું? કોણ જાણે પુરૂષની ગંધ ન એનાથી ન ખમી શકાઇ અને એ... આટલાં વરસની એકલતા અને છોગામાં કૉકટેલ! પેલા બબચૂકને તો બધું ઊંઘમાં જ ગયું હશે. હા, એના ચહેરા પર તરસ છીપ્યાનો ધરવ જરૂર વરતાતો હતો. ને ખરૂં પૂછો તો એની દબાઇ ગયેલી ભૂખ તો હજીય કયાં પુરી થઇ ભાંગી હતી? એ ઊઠશે ત્યારે એની સાથે પોતે આંખ મેળવી શકશે ખરી?

એ તો અંગ્રેજો ભેગા મોટો થયો હોય એટલે એને તો કદાચ એવી-તેવી બાબતનો છોછ નયે હોય... ઉઘાડી આંખ પરોઢ થઇ ગયું હતું અને છતાં હજી એને રહી રહીને વેણ ઊપડતી હતી... આવો લહાવો ફરી કયારે મળવાનો હતો? એ રજાઇમાં ગોટમોટ થઇ આકાશને વળગી પડી. ફરી શરૂ થઇ શ્વાસોની હૂંફાળી ધમણ, ફરી વરસી રહ્યું કોઇ શ્રાવણના આકાશ જેવું ધોધમાર... ધરાને થયું : જરૂર આ જનમભૂખી રાધાની આરત સાંભળીને હાજરાહજૂર કૃષ્ણ જ આકાશમાંથી ઊતરી આવ્યા હોવા જોઇએ. રૂપ પણ પાછું અદ્દલ પાંત્રીસ વરસ અગાઉ એને આમલી પીપળી બતાવીને નાસી છૂટેલા જગમોહન જેવું ધારણ કર્યું છે... એને પેલી જાણીતી કહેવત યાદ આવી ગઇ : ખુદા દૈતા હૈ તબ છપ્પર ફાડકે દેતા હૈ! ઓચિંતો જ આવો ફૂટડો એનઆરઆઇ જુવાન સામે પગલે એનો શિકાર થવા આવ્યો, એ અમથો કે? નહીં કશી ઓળખાણ કે પિછાણ... આ તો એ બાંકે બિહારીની જ લીલા. સપનેય કલ્પ્યું ન હોય એવું સુખ વણ બોલાવ્યું ખોળામાં આવીને પડ્યું હતું - આનાથી મોટો કોઇ જૅકપોટ હોઇ શકે ખરો?

રાત આખી એણે મટકું સરખું નહોતું માર્યું. બાથરૂમ જવા ઊઠતી હતી ત્યાં ટિપાઇ પર વૉડકાની બોતલ પાસે પડેલો આકાશનો અલ્ટ્રામોર્ડન મોબાઇલ ઝબકારા લેવા લાગ્યો. એણે આકાશને ઢંઢોળ્યો પણ એણે થોથવાતા અવાજમાં 'પ્લીઇઝ' કહી પડખું ફેરવી દીધું. ધરાએ મોબાઇલ રિસીવ કર્યો કે સ્ક્રીન પર એક આધેડ છબી ઝબૂકી રહી. ક્ષણેક આખા શરીરે ઝણઝણાટી વ્યાપી ગઇ. 'શટ'પ નૉનસૅન્સ!' એનાથી ચીસ પડાઇ ગઇ.

પૂરી તાકાતથી મોબાઇલનો સામી દીવાલ પર ઘા કરીને ભૂખી વાઘણની જેમ એ પડખે સૂતેલા આકાશ પર ત્રાટકી - આજે તા તારૂં લોહી જ ચૂસી લેવાની છું!' એ મનોમન બબડી : દીકરો હશે તો એની માનો. મારે શું? સાલ્લી ચૂડેલ...'

'શું કહ્યું?' - કશુંક બોલ્યા તમે? 'આકાશ એકાએક ઝબકી પડ્યો. એ ફરી પાછો કોથળો થઇ ગયો.'